# જિલ્લામાં ઉનાળુ વાવેતર ૧૦ હજાર હેક્ટરને પાર

## સરેરાશ વાવેતર ૩૦ હજાર હેક્ટર નોંધાતું રહ્યું છે : પાણી, શ્રમિકોની અછત ખેડૂતોને સતાવી રહી છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ સીઝનનું વાવેતર ૧૦ હજાર હેક્ટરને પાર કરી ગયું છે. જિલ્લામાં ઉનાળુ સીઝનનું વાવેતર સરેરાશ ૩૦ હજાર હેક્ટર જેટલું થતું હોય છે. આમ ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો જિલ્લામાં ૪૪ ટકા જેટલા વિસ્તારમાં ઉનાળુ વાવેતર સંપન્ન થયું છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતર માટે ખેડૂતો શ્રમિકોની અછત પાણી તેમજ મોંઘવારીના ભયે બહુ ઉત્સાહી દેખાતા નથી. જિલ્લામાં પાણીના સ્તર નીચે જઈ રહ્યા છે તેમજ સિંચાઈના સિમિત સાધનો હોઈ ઉનાળુ વાવેતર જિલ્લામાં ઓછું થતું રહ્યું છે. જિલ્લામાં ઉનાળુ વાવેતરમાં પણ પ્રયોગશીલ ખેડૂતો કોઈ નવતર પ્રયોગ સાથે ખેતી કરવા પણ ઉત્સાહિત જણાતા નથી. હાલ જિલ્લામાં પરંપારગત ખેતી પાકોને ઉનાળામાં લેવાય છે તે જ પાકોનું વાવેતર કરાઈ રહ્યું છે.

**જિલ્લામાં ઉનાળુ વાવેતર માટે ખેડૂતો શ્રમિકોની અછત પાણી તેમજ મોંઘવારીના ભયે બહુ ઉત્સાહી દેખાતા નથી. જિલ્લામાં પાણીના સ્તર નીચે જઈ રહ્યા છે તેમજ સિંચાઈના સિમિત સાધનો હોઈ ઉનાળુ વાવેતર જિલ્લામાં ઓછું થતું રહ્યું છે.**

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૪૯ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૩૭૫૬ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૬ હેક્ટરમાં, તલનું વાવેતર ૧ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૨૦૬૬ હેક્ટરમાં તેમજ મુંગા પશુધન માટે ૪૩૪૭ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર નોંધાયું છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર દહેગામમાં ૬૬૫૦ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૭૭૩ હેક્ટરમાં, કલોલમાં ૮૧૪ હેક્ટરમાં તેમજ માણસામાં ૧૪૦૪ હેક્ટરમાં નોંધાયું છે. જિલ્લામાં ઉનાળુ મગફળી ઉપરાંત કઠોળ પાકોનું વાવેતર આગામી દિવસોમાં નોંધાશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ઉનાળુ મગફળીનું વાવેતર માત્ર ૬ હેક્ટરમાં જ નોંધાયું છે. હાલ ખેતરોમાં રવિ પાકની લણણીની કામગીરી પુરજોશમાં ચાલુ હોવાથી ખેતરો ખાલી થયા બાદ ઉનાળુ વાવેતરમાં ગતિ આવશે તેમ મનાઈ રહ્યું છે.



શહેરમાં ઠેરઠેર દિશાસૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે. આ બોર્ડ વિવિધ એજન્સીઓ લગાવતી હોવાથી કયારેક સાવ ઉંધી દીશામાં જ બોર્ડ લગાવી દેવાતા અજાણ્યા મુલાકાતીઓ મુંઝવણમાં મુકાય છે. ઘ-૪ અંડરબ્રીજ પાસે લગાવવામાં આવેલા દિશાસૂચક બોર્ડમાં ઉદ્યોગભવનને રેલ્વે સ્ટેશન તરફ દર્શાવાયું છે.

# જુના સચિવાલયમાં લીફટ મુકવાના બ્લોક તૈયાર કરવાનુ કામ મંદ ગતિએ

## મુલાકાતીઓને હાલાકી : લીફટને અનુલક્ષી જરૂરી સિવિલ વર્ક પુર્ણ કરવામાં વિલંબ : વિવિધ બ્લોકને અનુલક્ષી પાંચ લીફટ મુકવામાં આવશે સવા કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૫

જુના સચિવાલયમાં નવી પાંચ લીફટ મુકવાનુ કામ વિલંબમાં પડ્યુ છે. લીફટને અનુલક્ષી હાલ બ્લોક બનાવાનુ જરૂરી સિવિલ કામ ચાલી રહ્યુ છે. પરંતુ સિવિલ કામગીરી મંદ ગતિએ ચાલતી હોવાના લીધે લાંબા સમયના અંતે પણ હજુ લીફટ મુકવાનુ કામ હાથ ધરી શકાયુ નથી. જુના સચિવાલયના બ્લોકમાં લીફટની સુવિધા ઉભી કરવા માટે અંદાજિત રૂ ૧.૩૩ કરોડનો ખર્ચ કરાશે. જો કે આગામી દિવસોમાં બ્લોક નુ કામ પુર્ણ થયા બાદ તુરંત લીફટની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરના જુના સચિવાલયના બ્લોક દાયકાઓ જુના છે. જયારે વર્ષો પુવે વિવિધ બ્લોકનુ નિર્માણ કરવામાં આવ્યુ ત્યારબાદ અત્યાર સુધી હજુ જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી નથી. સમગ્ર રાજયનો વહીવટી દોરી સંચાર જયાંથી થાય છે તેવા જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં લીફટની સુવિધા નથી એકબાજુ નવા બ્લોક બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ વિશાળ જગ્યામાં પથરાયેલા વિવિધ બ્લોકમાં જુદા જુદા વિભાગની કચેરીઓ કાર્યરત છે. જયારે જુના સચિવાલમાં આવતા કર્મચારીઓ અને મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે. જેના લીધે હાલની સ્થિતિએ પાર્કીંગની સમસ્યા પણ પેચીદી બની છે. વિવિધ બ્લોક પાસે પણ સાંકડા માર્ગો પર વાહનોનો ખડકલો જોવા મળે છે. જેના લીધે ઘણીવાર વાહનચાલકો ફસાઈ જતા હોવાની પણ સ્થિતિ સર્જાય છે. આ સમસ્યાને નિવારવા માટે જયારે નવા બ્લોક બાંધવામાં આવે ત્યારે પાર્કીંગ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાનુ આયોજન કરવામાં આવશે.

જયારે હાલ જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં લીફટ મુકવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ પણ અમુક બ્લોકમાં લીફટ મુકવામાં આવી હતી જયારે હાલ પણ વિવિધ બ્લોકમાં પાંચ લીફટ મુકવાનુ આયોજન કરાયુ છે. જયારે લીફટની કામગીરીને અનુલક્ષીને હાલ સિવિલ કામ ચાલી રહ્યુ છે. લીફટ બ્લોક બનાવાની આ કામગીરી પુર્ણ થયા બાદ લીફટ મુકવાનુ કામ આગળ ધરાશે જો કે લીફટને અનુલક્ષી સિવિલ કામ લાંબા સમયથી ચાલી રહ્યુ છે. જેના લીધે લીફટ મુકવાની કામગીરી પણ વિલંબમાં પડી છે.

સચિવાલયના વિવિધ બ્લોકમાં પાંચ લીફટ મુકવા પાછળ અંદાજિત રૂ ૧.૩૩ કરોડનો ખર્ચ કરાશે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આગામી દિવસામાં સિવિલ વર્ક પુર્ણ થયા બાદ લીફટ મુકવાની યોજના આગળ હાથ ધરાશે. લીફટ મુકવાની કાર્યયોજના પુર્ણ થતા સચિવાલયની મુલાકાતે આવતા સિનિયર સિટીઝન્સ અને વિકલાંગોને પણ રાહત થશે.

# રાજ્યમાં વધુ એક મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય

## આંબાલાલ પટેલે હોળી પહેલા આગાહી કરી : બંગાળની ખાંડીના ભેજ અને અરબી સમુદ્રના ભેજના કારણે કમોસી વરસાદ થવાની શક્યતા રહેશે

અમદાવાદ, તા.૫

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે આજે વાતાવરણમાં આવેલા પલટા પ્રમાણે અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા , મહીસાગર અને ડાંગમાં કમોસમી વરસાદ પડ્યો છે. વીજળીના ચમકારા સાથે ઠંડો પવન ફૂંકાયો હતો. પરંતુ હાલ હવામાન વિભાગ દ્વારા વધુ એક આગાહી કરવામાં આવી છે. ૨ દિવસ બાદ રાજ્યમાં વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થવાની આગાહી કરવામાં આવી છે.

આંબાલાલ પટેલે હોળી પહેલા આગાહી કરી છે કે, બંગાળની ખાંડીના ભેજ અને અરબી સમુદ્રના ભેજના કારણે કમોસી વરસાદ થવાની શક્યતા રહેશે. તેમજ વેસ્ટન ડિસ્ટર્બન્સના કારણે મહારાષ્ટ્રમાં વરસાદ થવાની શક્યતા રહેશે. ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે વાદળછાયું વાતાવરણ રહેશે અને હિમ વર્ષા થશે. પ્રજાંબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં હવામાનમાં પલટો આવશે. માર્ચ મહિનાની શરુઆત સુધીમાં ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

આજથી ઉતર ગુજરાતમાં કચ્છમાં ઉત્તર ભાગોમાં વાદળછાયુ વાતાવરણ શરુઆત થઈ જશે. જ્યારે ૫ માર્ચ સુધીમાં ગુજરાતમાં માવઠું થવાની શક્યતા છે. ૪થી ૮ માર્ચ સુધીમાં ઉતર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના ભાગોમાં કમોસી વરસાદ થવાની શક્યતા રહેશે. બનાસકાઠા, સમી હારીજ, મહેસાણા, કડી, બેચરાજી, વિરમગામ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર જિલ્લાના અમુક ભાગો તેમજ ગીરના ભાગો,આહવા, ડાંગ, સુરત, ગાધીધામ, નખત્રાણા ભાગોમાં કમોસમી વરસાદની સંભાવના છે.

૬ માર્ચે ડાંગ,તાપીમાં કમોસમી વરસાદ થઈ શકે છે. ૭ માર્ચે પ્રેમોસૂન એક્ટિવિટીના ભાગરૂપે ડાંગ તાપી નર્મદામાં ૭ માર્ચે વરસાદ થશે.૮ માર્ચે

બનાસકાંઠા,સાબરકાંઠા,દાહોદ, નર્મદા, ડાંગ તાપી છોટાઉદેપુર, રાજકોટ, ગીર સોમનાથ, જૂનાગઢમાં કમોસમી વરસાદ ખેડૂતની ચિંતા વધારી શકે છે. ૯ માર્ચે ૯ માર્ચ સુધી વરસાદની આગાહી કરી છે. ત્યારે ૯ માર્ચે બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ, તાપી, નર્મદા રાજકોટ, ભાવનગર, કચ્છમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે.

આગામી ૪૮ કલાકમાં રાજયના વાતાવરણમાં પલટો આવતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પ

# રાજયના ૭૦ ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે રૂ ૧૩. ૫૦ લાખ ચુકવવા નિર્ણય

## વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર ધારાશાસ્ત્રીઓ જ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની માંદગી સહાય લાભ મેળવવા હકદાર છે

ગાંધીનગર તા ૫

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન સાથે મળેલી માંદગી સહાય સમિતિની બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા હતા લાંબા સમયના અંતે મળેલી આ બેઠક દરમિયાન રાજયના ૭૦ જેટલા ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે રૂ ૧૩. ૫૦ લાખ ચુકવવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે.

બાર કાઉન્સિલના ઈન્ચાર્જ સેક્રેટરી સિધ્ધિ ભાવસારના જણાંવ્યા મુજબ કાઉન્સિલ દ્વારા વર્ષ ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય તેમજ માંદગી સહાય ચુકવવામાં આવે છે. ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા જરૂરિયાતમંદ વકીલોને આર્થિક માંદગી સહાય ચુકવવામા આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગી સહાય સમિતિના ચેરમેન દિલીપ પટેલ અને સભ્ય શંકરસિંહ ગોહીલની આજે બેઠક મળી હતી. જયારે છેલ્લા પાંચ મહીનાથી માંદગી સહાય સમિતિની બેઠક ન થઈ હોવાથી રાજયના અંદાજિત ૭૦ થી વધુ વકીલોની માંદગી સહાય સંદર્ભેની અરજીઓ પેન્ડીંગ હતી જયારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્યના ધ્યાને આ વાત આવતા ત્વરિત બેઠક બોલાવી તમામ અરજીઓનો નિકાલ કર્યો હતો. જયારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની આ માંદગી સહાય સમિતિમાં ગુજરાતના તમામ તાલુકાઓ અને જિલ્લા અદાલતોમાથી આવેલા ૭૦ ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે રૂ ૧૩. ૫૦ લાખ ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૧૮ ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમિટીમાં પણ ધારાશાસ્ત્રીઓને વધુ સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવી હતી. વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનારા ધારાશાસ્ત્રીઓ જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગી સહાયનો લાભ મેળવવા હકકદાર બને છે. જયારે ગુજરાતના ધારાશાસ્ત્રીઓને પણ વધુમાં વધુ રૂ ૮૦ હજાર જેટલી માંદગી સહાય આપવામાં આવે છે.



બાળકોની દુનિયા ખુબ વિસ્મયકારી અને રંગીન હોય છે. દુનિયાની તમામ મુશ્કેલીઓથી વિપરીત તેમની દુનિયામાં માત્ર અને માત્ર આનંદ જ હોય છે. મોંઘા રમકડાં ન મળે તો તેઓ આસપાસ પડેલા હાથવગા સાધનોમાં રમત શોધી લે છે. આકરા તડકામાં શાકભાજી વેચીને ગુજરાન ચલાવતાં શ્રમજીવી પરિવારના બાળકો નવરાશના સમયમાં દોરડા વડે રમત રમી રહેલા નજરે ચઢી રહયા છે.

# જીવલેણ અકસ્માતો નિવારવા દબાણ હટાવવા તંત્રને તાકિદ

## તાત્કાલિક સઘન દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાય : રોડ સેફ્ટિ કમિશનર : ઘ-૦ થી રિલાયન્સ ચોકડી, સરગાસણ ચોકડી, ચિલોડા સર્કલ સહિત શહેરના તમામ સર્કલ, સે.૨૧ શાકમાર્કેટ નજીક સૌથી વધુ દબાણ, આડેધડ, હોર્ડિંગ્ પણ બ્લાઈન્ડ સ્પોટ તરીકે ઉભરી રહ્યાનું પણ તારણ ૩૧ માર્ચ સુધીમાં તમામ દબાણો હટાવવા માટે તંત્રને તાકિદ કરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વધતા જતા અકસ્માતોના નિવારણ માટે ‘દબાણ હટાવ ઝુંબેશ’ સઘન બવાવવા પર રોડ સેફ્ટી કમિશનર સહિત પાડલિયાએ ખાસ ભાર મુક્યો છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા જીવલેણ અકસ્માતો અને રોડ સેફ્ટીને લઈ જિલ્લાના અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં તેમણે વધતા જતા દબાણો હટાવવા સામે તંત્રની ઉદાસીનતા સામે નારાગજી વ્યક્ત કરી અને ૩૧ માર્ચ સુધીમાં તમામ દબાણ હટાવાય તે જોવા મનપા, ગુડા અને તંત્રને તાકિદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે ઘ-૦થી રિલાયન્સ ચોકડી, સે.૨૧માં શાકમાર્કેટ નજીક, તમામ સર્કલો ખાસ કરીને ઘ-૩, ઘ-૫, ઘ-૬, સરગાસણ ચોકડી સહિતના દબાણો હટાવવા પર તેમણે ભાર મુક્યો હતો.

શહેરમાં જાહેર માર્ગો પર આડેધડ લાગતા કોમર્શીયલ પોસ્ટરો, હોર્ડીંગ્સ પણ અકસ્માત માટે બ્લેક સ્પોટ બની ઉભરી રહ્યા હોવાની ટકોર કરી હતી.

તેમણે શહેરમાં ખાસ કરીને જાહેર સ્થાનો પર આડેધડ પાર્કીંગ જે રીતે કરી સરળ વાહન વ્યવહારમાં અંતરાય કરવામાં આવે છે તે સામે પોલીસ તંત્રએ જરૂર પડ્યે વાહનોનું ટોઈંગ કરવામાં આવે અને આર.ટી.ઓ. તંત્રને સંકલનમાં રહી ઓવરલોડ બેફામ દોડતા વાહન ચાલકો સામે ગતિ નિયંત્રણ ભંગ અંગે પણ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર ઉપરાંત ચિલોડા સર્કલ પાસે જે રીતે દબાણો વધુ રહ્યા છે તે તાદિકે દૂર કરવા માટે તેમણે વિશેષ આગ્રહ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરશ્રી અને રોડ સેફટી કમિશનરની સીધી દેખરેખ હેઠળ દબાણ હટાવવાની સઘન ઝુંબેશ આ સપ્તાહથી જ શરૂ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસ વડા, આર.ટી.ઓ.ના અધિકારીઓ, મનપાના અધિકારીઓ તેમજ તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનપાની તાજેતરમાં મળેલી સ્થાયી સમિતિમાં પણ દબાણને લઈ ચર્ચાઓ થઈ હતી અને એક માસ સુધી દબાણ ઝુંબેશ ચાલશે તેવા સંકેતો ચેરમેન જસવંતભાઈ પટેલે સ્થાયી સમિતિની બેઠક બાદ આપ્યા હતા જે નોંધનીય છે.

# ચિંતા : ગુજરાતમાં કોરોનાના કેસમાં નવા ૧૯ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં કોરોનાના કેસમાં ૦૫ માર્ચના રોજ ધરખમ વધારો થયો છે. જેમાં આજે નવા ૧૯ કેસ નોંધાયા છે.જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૬૮એ પહોંચી છે. જેમાં અમદાવાદમાં ૧૩, રાજકોટ જિલ્લામાં ૦૨, ભાવનગર ૦૧, રાજકોટમાં ૦૧ અને સુરતમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે. જ્યારે કોરોનાથી ૦૪ દર્દી સાજા થયા છે. ગાંધીનગર જિલ્લા સિવિલ હોસ્પિટલમાં કોરોના સામે પહોંચી વળવા આરોગ્યની સુવિધાઓ ચકાસવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# ઈસનપુર મોટા અને બિલેશ્વરપુરાને આયુષ ગ્રામ બનાવવા સરકારમાં દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા અને કલોલના બિલેશ્વરપુરા ગામને આયુષ ગ્રામ તરીકે વિકસાવવા માટે જિલ્લા આયુષ સોસાયટીની ગવર્નીંગ બોડીએ રાજ્ય સરકારને ભલામણ કરી છે.

**આયુષ સોસાયટીની જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ**

જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણ ડી. કે.ના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમની ઉપસ્થિતિમાં ગવર્નીંગ બોડીની બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ના રોડ મેપને લઈ નિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આયુષ ગ્રામ તરીકે દોલારાણા વાસણા અને સાદરામાં સફળતા બાદ આગામી વર્ષે ઈસનપુર મોટા અને કલોલના બિલેશ્વરપુરાની દરખાસ્ત સરકારને મોકલવામાં આવશે.

વિગતો પ્રમાણે આ ગામોમાં આયુષ પદ્ધતિ વધુ લોકોપયોગી બને તેમજ તેનો પ્રસાર થાય તે માટે ખાસ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત આ બે ગામોમાં આયુર્વેદ ઔષધિના વૃક્ષોનો ઉછેર અને જાળવણી કરી આયુર્વેદ ઉપચારને લોકો વધુ ને વધુ અપનાવે તકે પણ જોવામાં આવશે.

આ બેઠકમાં ‘વયોમિત્ર’ બનાવી આયુષ પદ્ધતિ તરફ સીનીયર સિટીઝનોનો લગાવ વધે તેમજ આ વયોમિત્રને ખાલ તાલીમબદ્ધ કરવા માટે તાલીમ વર્ગોનું આયોજન કરવાને લઈ ચર્ચાઓ કરાઈ હતી તેમજ આ મુદ્દે સરકારમાં યોગ્ય દરખાસ્ત તૈયાર કરી રજૂ કરવાની સૂચના જિલ્લા કલેક્ટરશ્રીએ આપી હતી.

જિલ્લામાં આયુષ મેળાઓના સફળ આયોજન માટે જિલ્લા આયુષ ટીમને અભિનંદન પણ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત યોગ સહિત આયુષ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોમાં વધુ પ્રવૃત્ત બનાવવામાં આવે તેવો ભાર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમે મુક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા આયુર્વેદ અધિકારી સોસાયટીના સભ્યો, આયુષ તબીબો અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com